ઓફિસ આસીસ્ટન્ટ,વર્ગ-૩ની કુલ-૬ ખાલી જગ્યા આઉટસોર્સના ડેટા એન્ટ્રી ઓપરેટરથી જગ્યા ભરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ WCDD/EMR/e-file/23/2022/1026/K (Establishment)
સચિવાલય, ગાંધીનગર.
તા. ઈ-સાઈન મુજબ

<u>વંચાણે લીધાં</u> :-

( ૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા: ૦૪/૦૬/૨૦૨૫ના ઠરાવ ક્રમાંકઃ WCDD/EMR/e-file/23/2022/1026/K (Establishment)

<u>પ્રસ્તાવના</u> :-

વંચાણે લીધેલ ક્રમાંક(૧)થી ઓફિસ આસીસ્ટટની ખાલી જગ્યા સામે તા: ૦૩/૦૪/૨૦૨૫ ની અસરથી કુલ ૪ જગ્યા તથા તા: ૦૪/૦૬/૨૦૨૫ની અસરથી ૩ જગ્યાઓ પર ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નિયમિત ઓફીસ આસિસ્ટન્ટ ઉપલબ્ધ થાય ત્યાં સુધી અથવા ૧૧-માસ, બે માંથી જે વહેલું હોઈ ત્યાં સુધી ડેટા એન્ટ્રી ઓપરેટરની આઉટસોર્સીંગ જગ્યા ભરવા મંજુરી મળેલ હતી. વિભાગ ખાતે ઓફિસ આસિસ્ટન્ટની કુલ મંજૂર થયેલ ૧૦ (દસ) જગ્યાઓ છે. જેમાં કુલ ૪ (ચાર) જગ્યાઓ ઓફિસ આસિસ્ટન્ટથી ભરેલ છે. બાકીની કુલ ૬(છ) ખાલી જગ્યાઓ આઉટસોંસિગથી ભરવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :-

વિભાગ ખાતે ઓફિસ આસિસ્ટન્ટની કુલ મંજૂર ૧૦ (દસ) પૈકી જેમાં ૬(છ) ઓફિસ આસીસ્ટન્‍ટની ૦૬ ખાલી જગ્યાઓ સામે ૦૬(છ) જગ્યાઓ (તા: ૦૩/૦૩/૨૦૨૬ ની અસરથી કુલ ૪ જગ્યા તથા તા: ૦૪/૦૫/૨૦૨૬ની અસરથી ૨ જગ્યાઓ) ડેટા એન્ટ્રી ઓપરેટરની આઉટસોર્સીંગથી જગ્યા ભરવાની મંજુરી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નિયમિત ઓફીસ આસિસ્ટન્ટ ઉપલબ્ધ થાય ત્યાં સુધી અથવા ૧૧-માસ બે માંથી જે વહેલું હોઈ ત્યાં સુધી નીચે મુજબની શરતોને આધીન આપવામાં આવે છે.

<u>શરતો</u> :-

૧. લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન મુજબનું મહેનતાણું ચૂકવવાનું રહેશે.

૨. વિભાગે જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે.

૩. લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી

સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૪. ઉકત બાબતનો ખર્ચ માંગણી ક્રમાંક ૧૦૫, મુખ્ય સદર ૨૨૫૧,સચિવાલય-સામાજીક સેવાઓ,ગૌણસદર ૦૯૦,પેટા સદર ૦૧,વિગતવાર સદર ૦૦, હેતુ સદર ૩૦૦૧ આઉટસોર્સિંગ સેવાઓ(મેન પાવર) હેઠળના બજેટ સદર ખાતેથી ઉધારવાનો રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સામાન્ય વહિવટ વિભાગની તા.૨૨/૦૬/૨૦૨૬ તથા નાણા વિભાગની તા.૧૪/૦૭/૨૦૨૬ની નોંધ પર વિભાગ ખાતે સક્ષમ કક્ષાએ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એ.જીડ)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ,બ્લોક નં.૯/૧, સચિવાલય,ગાંધીનગર.
- રોકડ શાખા (૨-નકલ), મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.(વેબસાઈટ પર અપલૉડ કરવા વિનંતી સહ)
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- સિલેકટ ફાઈલ.

Signature Not Verified
Signed by: Maheshwari Jid
Section Officer
Date:2026.07.21
16:08:34 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign